# મેઢાસણ ગામે નજીવી બાબતે દરબાર અને પટેલના જૂથ વચ્ચે અથડામણ

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં ત્રણ દિવસ પહેલા માર્ગ પરથી પસાર થતા બાઈક ચાલક યુવાનો વચ્ચે ઓવરટેઈક કરવાના મુદ્દે બોલાચાલી થતાં જેની અદાવત રાખી પટેલ સમાજના યુવાનોએ મંગળવારે રાત્રે ગેરકાયદેસર મંડળી રચી ગામના ઓટલે બેઠેલા રાજપૂત સમાજના યુવાન અને તેના મિત્રોને મૂઢ માર મારી ફરાર થઈ જતા આ ઘટનાથી ગામમાં રાજપૂત સમાજ અને પટેલ સમાજ વચ્ચે તંગદીલી પેદા થઈ હતી. ગઈકાલે રાજપૂત સમાજ અને પટેલ સમાજના યુવાનોના જૂથ બાખડ્યા પછી ગામમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ પેદા થઈ છે. રાજપૂત યુવાન દ્વારા આ અંગે મોડાસા રૂરલમાં પટેલ સમાજના ૫ યુવાનો સામે ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

**મેઢાસણ ગામમાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ**

મોડાસા તાલુકાના મેઢાસણ ગામમાં અગાઉ પણ પટેલ અને રાજપૂત સમાજના યુવાનો સામ-સામે આવી જવાની ઘટનાઓ બની છે. મંગળવારે રાત્રે ૯ વાગ્યે ફરીથી બન્ને સમાજના યુવાનોના જૂથ સામસામે આવી જતાં ધીંગાણુ સર્જાયુ હતુ. ત્રણ દિવસ પહેલા મેઢાસણ બસ સ્ટેન્ડથી ગામ તરફ જતા માર્ગ પરથી પસાર થતા રાજપૂત યુવાન યુવરાજસીંહ અને મયંકકુમાર શિવાભાઈ પટેલ વચ્ચે બાઈક ઓવર ટેઈક કરવાના મુદ્દે રકઝક થતાં યુવરાજસીંહે મયંકકુમારને બાઈક ધીમી ચલાવવાનું કહેતા આ અંગે અદાવત રાખી મયંકકુમાર શિવાભાઈ પટેલ અને તેના મિત્રોએ ગેરકાયદેસર મંડળી રચી ગામના ઓટલો બેઠેલા યુવરાજસીંહ અને તેના મીત્રો પર અચાનક ધસી આવી મારામારી કરી ગડદાપાટુનો માર મારી અને બન્ને જૂથના યુવાનો વચ્ચ ઝપાઝપી થતાં રાજપૂત યુવાનનો મોબાઈલ અને સોનાની ચેઈન ખોવાઈ ગઈ હતી અને પટેલ યુવાનોએ રાજપૂત સમાજના યુવાનાને માર મારી ફરાર થઈ જતાં રાજપૂત યુવાન દ્વારા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નૈતીકકુમાર લાખાભાઈ ચૌધરી, રવિકુમાર સુરેશભાઈ ચૌધરી, ભૌમિક ઉર્ફે વીક્કી દોલાભાઈ ચૌધરી, વિશાળ નારાયણભાઈ ચૌધરી અને મયંકકુમાર શીવાભાઈ ચૌધરી વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે ઈ.પી.કો. કલમ ૩૨૩, ૪૨૭, ૫૦૪, ૫૦૬(૨), ૧૧૪ મુજબ પાંચેય યુવાનો સામે ગુન્હો નોંધી ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

મેઢાસણ ગામમાં પટેલ અને રાજપૂત સમાજના યુવાનો વચ્ચે જૂથ અથડાણણ થતા મેઢાસણ ગામમાં ભારેલા અગ્ની જેવી સ્થિતિ પેદા થઈ છે. આ સામાન્ય સ્વરૂપ જોતજોતામાં મોટુ સ્વરૂપ ધારણ કરી આ અથડામણ યુવાનો વચ્ચે ન રહેતા બન્ને સમાજના લોકોમાં પ્રવેશે તેવી સ્થિતિ પેદા થઈ છે.

# મોડાસાના ચાર ગામના રહીશો વર્ષના ૧૦ માસ ટાયરની ટ્યુબના સહારે

મોડાસા, તા.૭

અધતન ટેકનોલોજી ના ૨૧મી સદીના યુગમાં ગુજરાતના ગામડાઓની પ્રજા સુવિધા ના હોય તે નવાઈની વાત છે જ આવું જ એક ગામ અરવલ્લી જીલ્લાના મોડાસા નજીકનું મોદરસુંબા ગામ છે. આ ગામના લોકો નદીના બીજા છેડે વસવાટ કરતા હોવાથી તેઓંને બીજી તરફ પહોચવા રસ્તા પુલની કોઈ જ સગવડ ન હોવાથી ફરજીયાત પણે ટ્યુબનો સહારો લેવાની ફરજ પડે છે. ગુજરાત સરકાર ડીજીટલ યુગની શરૂઆતની મસ મોટી ગુલબાંગો પોકારે છે ત્યારે આ ગુલબાંગો ની પોલ મોદરસુંબા ગામ જાણે કે ખુલ્લી પડી રહ્યું હોવાનું વર્તમાન સમયમાં દેખાઈ રહ્યું છે .







મોડાસા તાલુકા નજીકનું મોદરસુંબા ગામ અને તેમાં વસવાટ કરતા ગ્રામજનો ભારે આક્રોશ અને પોતાને પડી રહેલી મુશ્કેલી ઓનું વર્ણન કરતા પણ થાકી ગયા છે આ ગામના લોકો ની સ્વર મુશ્કેલીઓ સાથે જ ઉગે છે અને સાંજ પણ મુશ્કેલી ઓ સાથે આથમે છે. મોદરસુંબા ગામના શાળાએ જતા બાળકોને અભ્યાસ અર્થે નદીના સામા કિનારે ફરજીયાત પણે જવું પડે છે ત્યારે વર્તમાન સમયમાં ભણતરની મહત્વતા જોતા વિદ્યાર્થીઓં જીવના જોખમે ટ્યુબ ધ્વારા નદી પાર કરવા મજબુર બન્યા છે. તો વળી રોજીંદી જીવન જરૂરિયાત ચીજ વસ્તુઓની ખરીદી માટે ભીયાદ ગામ જ વિકલ્પ હોવાથી ખરીદી માટે પણ ટ્યુબ જ એક માત્ર સહારો બની રહે છે આ ગામને નદી પર દીપ બનાવી આપવા અસંખ્ય વાર રજુઆતો વહીવટી તંત્ર અને નેતા ઓને કરવામાં આવી હોવા છતાં રજૂઆત બહેરા કને અથડાઈ ને પરત આવી છે

## જીવના જોખમે વ્હાલસોયાને અભ્યાસ કરવાની ઘેલછા

મોદરસુંબા ગામની મહિલાઓ આ સ્થિતિ અંગે સજળ નયને આક્રોશ વ્યક્ત કરી રહી છે. સગર્ભા મહિલાઓને જયારે પ્રસુતિ પીડા ઉપદે ત્યારે સૌથી મુશ્કેલીનો સામનો કરે છે આવા કેસમાં પણ ટ્યુબના સહારે જ આ નદી પાર કરીને દવાખાને ખસેડવી પડે છે ટ્યુબના સહારે પોતાના વ્હાલસોયા બાળકોને અભ્યાસ અર્થે મોકલતી વખતે માતાઓના જીવ હમેશા તાળવે ચેતેલા જ રહે છે અગાઉ નદી પસાર કરતી વખતે ટ્યુબ ફાટી જવા કે પંચર થઈ જવાના બનાવ બન્યા ત્યારે નદીના છેડે વસેલા પુરુષ વર્ગ એ કેટલીવાર નાના ભૂલકા ઓં અને વડીલો ના જીવ જીવના જોખમે બચાવ્યા હતા જીવતા જીવ નદી પાર કરવા ટ્યુબ સહારો છે પરંતુ મર્યા પછી પણ લાશ ને સ્મશાને લઈ જવા આ જ ટ્યુબ નો ઉપયોગ કરવો પડ્યો છે ત્યારે નાનકડા એવા આ ગામની પીડા ને કોઈ સમજશે ખરા

અરવલ્લી જીલ્લા ના નાનકડા એવા ગામની વર્ષો જૂની પીડા ના હલ માટે વાઈબ્રન્ટ અને ડીજીટલ ઇંડિયા ની ગુલબાંગો પોકારતા રાજકીય નેતા ઓં ને સમય જ નથી ત્યારે વહીવટી તંત્ર પણ આંખે પાટા બાંધી ને બેઠું હોય તેમ લાગી રહ્યું છે જીલ્લા કલેકટર નો આ સમસ્યા ના હલ માટે સમ્પર્ક કરતા તે ઓં એ પણ મોઠે ખંભાતી તાળું લગાવી દીધું હોય એમ કઈ પણ કહેવાનો મુખ શબ્દોમાં ઈનકાર કરી દીધો હતો.



છેલ્લા કેટલાય સમયથી અરવલ્લી જીલ્લા સહીત સમગ્ર ગુજરાતમાં હસમુખ પટેલે સ્ટેટ મોનીટરીંગ સેલનું તંત્ર અરવલ્લી જીલ્લાનાં બાયડ તાલુકામાંથી પોલીસે બાતમીનાં આધારે નાકાબંધી કરતા સામેથી આવતી આઈ ૨૦ કારે પોલીસની નાકાબાંધી જોઈ કારનો યુ ટર્ણ લેતા કાર ડીવાઈડર પર ચઢી જતા કાર લોક થઈ ગઈ હતી . કાર લોક થઈ જતા આરોપીઓ રોડની બાજુમાં આવેલા જંગલની જાળીઓમાં સંતાઈ ગયા હતા. પોલીસ અને પબ્લીકે ૨ કલાકની જહેમત કર્યા બાદ આરોપીઓ જાળીઓમાંથી મળ્યા હતા. બાયડ પીએસાઈ રાઠોડની સમય સુચકતાથી પરપ્રાંતીય દારુ ગુજરાતમાં ઘુસાડતા પહેલા જ આરોપીઓને જડપી પાડ્યા. આ સાથે એક લાખ ઓગણચાલીસ હજારનો દારુ તેમજ ઓગણીસ હજાર રૂપિયા રોકડા, દસ હજારની કીમતનાં મોબાઈલ તેમજ પાંચલાખ રૂપિયાની આઈ ૨૦ કાર સહીત આરોપીઓની ધરપકડ કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# કઝરી કંપા પાસે કન્ટેનરની ટક્કરે બાઈચાલકનું ઘટનાસ્થળે મોત

વડાગામ, તા. ૭

અરવલ્લી જિલ્લામાં ચાર દિવસમાં ત્રણ આશાસ્પદ યુવાનના મોત નિપજતા જિલ્લાના બાઈકચાલકોમાં ભય ફેલાયો છે. બુધવારે બપોર ધનસુરા-બાયડ રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા કઝરી કંપા નજીક ટ્રક-કન્ટેનર ચાલકે બાઈકને અડફેટે લેતા બાઈક ચાલકનું ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલી ધનસુરા પોલીસે અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ટ્રક-કન્ટેનર ચાલક વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી. બાઈક ચાલક યુવકના નામ-ઠામ મેળવવા પોલીસ દ્વારા સઘન પ્રયાસો હાથ ધર્યા છે.

ધનસુરા-બાયડ રાજ્ય ધોરીમાર્ગ પર આવેલા કઝરીકંપા નજીક બુધવારે બપોરે ટ્રક-કન્ટેનરના પાછળના ટાયરમાં બાઈકચાલક આવી જતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. સુરતથી દિલ્હી તરફ કપડા ભરીને જતા ટ્રક-કન્ટેનર (ગાડી નં. એચઆર૫૫એચ-૩૧૨૦) કઝરીકંપા પાસેથી પસાર થતુ હતુ ત્યારે બાઈકચાલકે ટ્રકને ઓવરટેઈક કરી આગળ જવાનો પ્રયત્ન કરતા આગળ એકાએક ટ્રક



આવી જતાં બાઈક ચાલક ફફડી ઉઠ્યો હતો. બાઈકચાલકને ઓવરટેઈક કરવા જતા ટ્રકના પાછળના ભાગે બાઈક ચાલક અથડાયો હતો અને બાઈક પરથી નીચે પટકાતા દસ ટાયરવાળા મોટા ટ્રક કન્ટેનરના પાછળના ભાગે બાઈકચાલકનું માથુ આવી જતા ટાયરો માથાના ભાગે ફરી વળતા માથાના અને શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે કમકમાટીભર્યુ મોત નિપજ્યું હતું. અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ આ અંગે ધનસુરા પોલીસ સ્ટેશનને જાણ કરાતા અકસ્માતના સ્થળે તાબડતોડ પોલીસ ધસી આવી મૃતક યુવકના લાશનો કબ્જો મેળવી પી.એમ. માટે મોકલવાની કાર્યવાહી હાથ ધરી બાઈકચાલકની ઓળખ મેળવવા બાઈક (ગાડી નં. જીજે૯સીએફ-૦૦૧૫)ના આધારે તજવીજ હાથ ધરી અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ધનસુરા પોલીસે ટ્રક-કન્ટેનર વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહિ હાથ ધરી હતી.

# ખેડબ્રહ્મામાં મધ્યાહન ભોજન યોજનામાં ગેરરીતિની અનેક ફરિયાદો

ખેડબ્રહ્મા, તા. ૭

પ્રાથમિક શાળાએ ભણવા જતા બાળકો માટે સરકાર દ્વારા શાળામાં જ જમવાની સગવડ મળી રહે તે માટે મધ્યાહન ભોજન યોજના અમલમાં છે. ત્યારે ખેડબ્રહ્માના અંતરીયાળ આદિવાસી વિસ્તારની અનેક પ્રાથમિક શાળામાં સ્થાનિક અધિકારીઓની મીલીભગતને પગલે મધ્યાહન ભોજન યોજનામાં ગેરરીતિ થઈ રહી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. આ મામલે સ્થાનિકોએ અનેક રજૂઆતો કરી છે તેમ છતાં અધિકારીઓના પાપે પોષ્ટીક ભોજનનો સ્વાદ બાળકોને મળતો નથી તેવી ફરિયાદ ઉઠવા પામી છે.

રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરની સરકારી પ્રાથમિક શાળામાં બાળકોને ભોજન મળી રહે તે માટે વર્ષોથી મધ્યાહન ભોજન શરૂ કરવામાં આવી છે. આથી હાલ તમામ સરકારી શાળામાં બાળકો ભોજનનો લાભ લઈ રહ્યા છે. પરંતુ મોટા ભાગની સરકારી શાળામાં ભોજનનો લાભ લેતા બાળકોને ભોજનના નામે ગુણવત્તા વગરનું ભોજન આપવામાં આવે છે. તેમજ કેટલાક અધિકારીઓની મિલી ભગતને લીધે ગેરરીતિના અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે ખેડબ્રહ્માના અંતરીયાળ આદિવાસી વિસ્તારમાં આવેલી પ્રા. શાળાઓમાં પુરતુ અને ગુણવત્તાસભર ભોજન નથી મળતુ તેવી ફરિયાદો ઉઠવા પામી છે. અને સ્થાનિક સરકારી તંત્રના અધિકારીઓની રહેમ નજર હેઠળ ગેરરીતિ થતી હોવાની પણ બુમરાણ થઈ રહી છે તેમ છતાં સરકારી અધિકારીઓ સબસલામત હોવાના દાવા ઠોકી રહ્યા છે. આ સમગ્ર મામલે સ્થાનિકોએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરી જવાબદાર અધિકારી સામે કડક પગલાં ભરવા માંગ કરી છે.

# મેઘરજનું બાલ ક્રિડાગણ અને નાના નાની પાર્ક આકર્ષણનું કેન્દ્ર બન્યું

મોડાસા, તા. ૭

અરવલ્લી જિલ્લાના પછાત આદીવાસી વિસ્તાર એવા મેઘરજ નગરના પ્રવેશ દ્વારે મેઘરજના રહીશ એમ.સી. દેસાઈ અને સ્વ. હિરાવંતીબેન દેસાઈના પરિવાર દ્વારા ૪૦ લાખના ખર્ચે બંધાયેલ બાલક્રિડાગણ અને નાના-નાની પાર્ક નગરમાં અને પછાત આદીવાસી તાલુકામાં એક આકર્ષણનું કેન્દ્ર બન્યું છે.

વિગત એવી છે કે અરવલ્લીની ડુંગરોની ગીરીમાળાઓ વચ્ચે મેઘરજ નગરના પ્રવેશ દ્વારે મેઘરજના રહીશ સ્વ. મનસુખલાલ છગનલાલ દેસાઈના પરિવાર વતી અશોકભાઈ મોદી અને શ્રીમતી કોકીલાબેન મોદીએ પોતાના પરિવારનું અને વતન પ્રત્યેનું ઋણ અદા કરવા રૂ. ૪૦ લાખનું માતબર દાન આપી એમ.સી. દેસાઈ બાલક્રિડાગણ અને શ્રીમતી હિરાવંતી દેસાઈ અને નાના-નાની પાર્ક વિશાળ જગ્યામાં આકાર પામતા આ બાલક્રિડાગણમાં દર વર્ષે દિવાળી, રમઝાન ઈદ, શ્રાવણ માસ, ગૌરીવ્રત, નવરાત્રી જેવા પવિત્ર તહેવારોમાં ૫૦ હજાર ઉપરાંત બાળકો મહિલાઓ, યુવાનો, આબાલ વૃદ્ધો આ ક્રિડાગણનો લાભ લઈ આનંદ વિભોર બની જાય છે. સાથે સાથે આ ક્રિડાગણની વચ્ચોવચ ૬ લાખના ખર્ચે એરોપ્લેન, ઝુંપડી સહીત અનેક મનોરંજનના સાધનો ઉપલબ્ધ કરવામાં આવ્યા છે. પછાત આદીવાસી વિસ્તારમાં નાના બાળોએ આ એરોપ્લેન જોઈ આનંદ વિભોર બની ગયા છે અને રોજબરોજ આ એરોપ્લેનમાં ૫૦૦થી વધુ બાળકો લાભ લે છે.

બાલક્રિડાગણના સંયોજક જગદીશભાઈ ચૌહાણના જણાવ્યા અનુસાર તાલુકાની પ્રા. શાળાઓ, માધ્યમિક શાળાઓ, કોલેજોના વિદ્યાર્થીઓ આ બાલક્રિડાગણની મુલાકાત લે છે. આ બાલક્રિડાગણમાં ઠંડા પાણી, ફૂવારો, હિંચકાઓ, લપસણીઓ સહિતના આકર્ષક રમત-ગમતના સાધનો પણ મુકવામાં આવેલા છે. ઉપરાંત મેઘરજ તાલુકાની અડોઅડ આવેલ રાજસ્થાનના ગંબોલા, શિમલવાડા, માલપુર, ધનસુરા, મોડાસા અને મેઘરજ તાલુકાના પછાત આદીવાસી વિસ્તાર ધરાવતા ૧૨૯ ગામડાના હજારો લોકો એરોપ્લેન અને બાલક્રિડાગણ, નાના-નાની પાર્ક જોવા માટે વાહનો દ્વારા ઉમટી પડે છે. આ બાલક્રિડાગણ પર્યટક જેવું આકર્ષણ કેન્દ્ર બનેલ છે. આ બાલક્રિડાગણને પર્યટક ધામ તરીકે વિકસાવવા નગરજનોએ ઉગ્ર માંગણી કરી છે.

# અરવલ્લી જિલ્લામાં અકસ્માતોની વણઝાર

## સ્થાનિક તંત્ર તેમજ જિલ્લા ટ્રાફિક પોલીસ અને ક્લેક્ટરે તાકીદે પગલા ભરી ધનસુરામાંથી પસાર થતા સ્ટેટ હાઈવે ૫૯ મોડાસા નડિયાદ હાઈવે પર દિશા સૂચક ચિહ્નો લગાવવા લોક માંગણી

ધનસુરા, તા. ૭

અરવલ્લી જીલ્લાનાં ધનસુરામાં થી સ્ટેટ હાઈવે ૫૯ પસાર થાયછે . જયાર થી મોડાસા નડિયાદ હાઈવે નું નવીનીકરણ કરવામાં આવ્યું છે .આ હાઈવે નું નવીની કારણ તો થઈ ગયું છે પણ કોઈ જગ્યા એ દિશા સુચક બોર્ડ લગાવવા માં આવ્યા નથી . તેમજ ટ્રાફિક નાં નિયમને લગતા કોઈ પણ પ્રકાર નાં બોર્ડ લગાવવા માં આવ્યા નથી તો તંત્ર એ તાત્કાલિક ધોરણે આ વાત ની નોધ લઈ યોગ્ય પગલા ભરવા જોઈ એ. જયાર થી આ હાઈવે નું નવીની કરણ કરવામાં આવ્યું છે ત્યાર થી જાણે કે અકસ્માતો ની વણજાર જામી હોય તેમ અવાર નવાર અકસ્માતો થવા લાગ્યા છે . અને નિર્દોષ લોકોને અકાળે અકસ્માતો માં પોતાના જીવ ગુમાવવા પડેછે. રવીવારે ધનસુરા નાં જ એ ઠાકોર નાં દીકરાનું અકસ્માતમાં મોત નીપજયું હતું . આ વાત ને હજુ તો માત્ર ચાર જ દિવસ થયા છે ત્યાતો આજ રોજ કંજરી કંપા ગામ ની સીમમાં આવેલ પેટ્રોલ પંપ આગળ બાયડ તરફ થી પુરપાટ જડપે આવતી ટ્રક કન્ટેનર નંબર ઈછ૫૫ઈ૩૧૨૦ નો ચાલક પોતાના કબજા ની ટ્રક કન્ટેનર લઈ ને ગફલત ભરી રીતે હંકારતા આગળ જઈ રહેલા મોટરસાઈકલ ચાલક ને ટક્કર મારી મોટર સાઈકલ ચાલક ને માથાના ભાગે તેમજ શારી રે ગંભર ઈજાઓ થતા બાઈક પાછળ બેસેલા રમેશભાઈ પ્રતાપ ભાઈ વણજારા નું સ્થળ પરજ મોત નીપજતા. ટ્રક કન્ટેનરચાલક પોતાનું ટ્રક કન્ટેનર લઈ ફરાર થઈ જતા ગામ લોકો એ પીછો કરી ટ્રક કન્ટેનર ને પકડી પોલીસ ને હવાલે કર્યો હતો.ધનસુરા માં અવાર નવાર અકસ્માતો સર્જાતા રહે છે. આ હાઈવે દિલ્હી મુંબઈ ને જોડતો હોવા થી ભારે વાહનોની અવર જવર રાત દિવસ વધવા લાગી છે ત્યારે જીલ્લા કલેકટર સત્વરે પગલાભરી યોગ્ય નિકાલ લાવવો જોઈ એ. તો બીજી બાજુ ધનસુરા ચાર રસ્તા પર પણ સવારે નીશાળ નો ટાઈમ તેમજ આખો દિવસ માનવ મહેરામણ થી ધમ ધમ તું બજાર રહે છે તો સ્થાનિક પોલીસ તંત્ર એ સવાર થી સાંજ સુધી ટ્રાફિક ને નિયંત્રણ માં લાવા આયોજન કરવા લોક માગણી ઠવા પામી છે.

# પ્રાંતિજના મૌછા ગામે મહિલા આરોગ્ય તપાસણી કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજ તાલુકાના મૌછા ગામે પોગલુ પી.એચ.સી.ના મૌછા સબ સેન્ટર ખાતે મુખ્ય જિલ્લા અધિકારી તથા આરોગ્ય અધિકારીની સૂચનાથી તાલુકા હેલ્થ ઓફિસરના માર્ગદર્શન હેઠળ સગર્ભા મહિલાઓની ચકાસણી તથા માતાઓની આરોગ્ય અંગેનો કેમ્પ યોજાયો હતો. મૌછા તથા આજુબાજુના ગામની સગર્ભા તથા ધાત્રી માતાઓના બ્લડપ્રેશર, હિમોગ્લોબીન તપાસણી કરવામાં આવી હતી.

જ્યારે સગર્ભા તથા ધાત્રી માતાઓને સરકારી યોજનાઓ વિશે માહિતી તથા સ્વાસ્થ્ય સંવેદના સેનાના ટેબલેટમાં વિડીયો બતાવવામાં આવ્યા હતા. જોખમી સગર્ભાના લક્ષણો, સ્તનપાનનું મહત્વ, રસીકરણ તથા પોષણ આહાર વિશે સમજણ આપવામાં આવી હતી. જ્યારે બેટી વધાવો બેટી બચાવો બેટી ભણાવોના નારા તથા સ્વસ્થ સાબરકાંઠાના સંકલ્પને સૌએ બિરદાવ્યો હતો. જ્યારે ડૉ. હર્ષ પટેલ, ડૉ. ગૌતમ નાયક, ડૉ. ચંદ્રીકા મધવ, મેહુલ ચોપડા દ્વારા તપાસ તથા જ્ઞાન આપવામાં આવ્યું હતું. જ્યારે સમગ્ર આયોજન પ્રજ્ઞેશ મોદી દ્વારા કરવામાં આવ્યું હતુ.

# બનાસકાંઠા જિલ્લા ભાજપ સંગઠન પર્વના સરંચના અધિકારી તરીકે રાણાભાઈ દેસાઈની વરણી

પાલનપુર, તા. ૭

ભારતીય જનતા પાર્ટીના સંગઠન પર્વમાં બુથ સમિતિથી લઈને અખીલ ભારતીય સ્તરના પ્રમુખ સુધીની ચૂંટણી નહી પણ સંરચનાના ભાવ સાથે વિવિધ જવાબદારીઓની સોંપણી કરવામાં આવે છે. ભારતીય જનતા પાર્ટીના આગામી સંગઠન પર્વ નિમિત્તે પ્રદેશ મહામંત્રી અને પ્રદેશ સંરચના અધિકારી કે.સી. પટેલે બનાસકાંઠા જિલ્લાના સંરચના (ચૂંટણી) અધિકારી તરીકે પાર્ટીના વરીષ્ઠ કાર્યકર અને પૂર્વ જિલ્લા પ્રમુખ રાણાભાઈ દેસાઈની વરણી કરી છે. જ્યારે સંરચના સહ અધિકારી તરીકે મેરૂજી આર. ધુંખ અને શ્રીમતી કુસુમબેન સી. રાવલની વરણી કરી છે.

બનાસકાંઠા જિલ્લા સંરચના અધિકારી રાણાભાઈ દેસાઈએ જિલ્લાના વિવિધ મંડલોના સંરચના અધિકારી અને સહ અધિકારીની નિયુક્ત કરીને મંડલમાં આવતી તમામ બુથ સમિતિની રચના તા. ૫-૧૦-૧૫ થી ૧૭-૧૦-૧૫ સુદીમાં પૂર્ણ કરવા જણાવ્યુંછે. સાથે સાથે સંગઠનમાં વિવિધ સ્તરે થનારી સંરચના સર્વ વ્યાપી, સર્વ સ્પર્શી, સર્વ પ્રિય, અને સર્વ સંમતીથી યોજાય તેવી અપેક્ષાસહ પાર્ટીનો વધુમાં વધુ વ્યાપ થાય તે માટે મંડલ સંરચના અધિકારીઓને જરૂરી સુચના આપી છે. તેમણે જિલ્લામાં વિવિધ મંડલોના સંરચના અધિકારી/સહ અધિકારીની નિયુક્તી કરી છે.

# લાખણીમાં નવનિર્મિત સેવાસદનનું લોકાર્પણ

ગાંધીનગર, તા.૭

મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ ગુરૂવાર તા. ૮ ઓકટોબરે બનાસકાંઠા જિલ્લાના લાખણી તાલુકામાં રૂા. ૮ કરોડના ખર્ચે નવનિર્મિત તાલુકા સેવા સદનનો પ્રજાર્પણ કરશે.

તેઓ થરાદ પ્રાન્ત કચેરીના રૂા. ૨.૪૦ કરોડના ખર્ચે નિર્માણ થયેલા ભવનનું લોકાર્પણ આ અવસરે કરવાના છે. આ પ્રસંગે કેન્દ્રીય રાજય મંત્રી શ્રી હરિભાઈ ચૌધરી તથા રાજય મંત્રીમંડળના મંત્રીઓ સર્વશ્રી નીતિનભાઈ પટેલ, રમણભાઈ વોરા અને શંકરભાઈ ચૌધરી ઉપસ્થિત રહેશે.

# મેમદપુરની મહિલાએ ઝેરી દવા ગટગટાવી

પ્રાંતિજ, તા. ૭

પ્રાંતિજ તાલુકાના મેમદપુર ગામે અગમ્ય કારણોસર એક મહિલાએ ઝેરી દવા પી લેતા સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના મેમદપુર ગામે રહેતા રંજનબેન શૈલસિંહ ચૌહાણ ઉં.વ. ૩૦ કે જેવો પોતાના ઘરે અગમ્ય કારણોસર ઝેરી દવા ગટગટાવી જતાં તેમને પહેલા પ્રાંતિજ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં લાવવામાં આવ્યા હતા. જ્યાં હાલત વધુ લથડતા વધુ સારવાર અર્થે હિંમતનગર ખાતે ખસેડવામાં આવ્યા છે. આ અંગેની જાણ પ્રાંતિજ પોલીસ સ્ટેશનમાં પ્રાંતિજ પી.એસ.સી.ના ડૉ. બી.કે. જોગીયા દ્વારા કરાતા પ્રાંતિજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.